સોટચ્યું સોનું.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

જેશીંગભાઇ મોતીલાલ શાહ.

રીચીરોડ—અમદાવાદ.

અમદાવાદમાં

ધી રત્નસાગર પ્રિન્ટીંગ પ્રેસમાં શા. અમરતલાલ

જેશીંગભાઇએ છાપ્યું.

આવૃતી ૧ લી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

કીમત આઠ આના.

સો ટચનું સોનું

૧ સુરદાસ.

દાસપરે દયા લાવો રે, દયાળુ દેવા દાસપરે લાવો,
સંસારી સબંધ તોડી, જીવ આપ ચરણે જોડી;
હું તો બની બેઠો બાવો બાવોરે, દયાળુ દેવા દાસપરે દયા લાવો.
આંખ વીનાનું સંકટ એવું, ખાડા માંહી ગોથા ખાવું;
વારે અવીનાશી આવો આવોરે, દયાળુ દેવા દાસપરે દયા લાવો.

૨ સુરદાસ.

આંખ વીના અંધારૂંરે, સદાય મારે આંખ વીના અંધારૂ.
કોઇ કહેશે લાલ લીલું આ ધોળુંને આ પીળું;
મારે મન સઘળું ખારૂ ખારૂ રે, સદાય મારે આંખ વીનાનુ અંધારૂ
કોઇને જગ લાગે ખારૂ, કોઇને લાગે નહારૂં,
મારે મન જીવતગ ખારૂ ખારૂરે, સદા મારે આંખ વીનાનું અંધારૂ.

૩ નરસીંહ મેહેતો.

વહાલા વેગે આવોરે, દયાદીલ લાવોરે, બીડું મારી ભાગવા હોજી.
નહિ આવો તો છાના ફોડું હું છીદ્ર વહાલા;
હિંડામાં ઉછરી, ગોવાળીઆમાં વાશ.
ખાંધે કાળી કામળી, માગી પીતા છાશ;
હુ રાખું તમથી દાવો રે બીડું મારી ભાગવા હોજી.
એમાના બે બાપના, નકટા નીર્લજ બાળ;
મહિમાખણુના ચોરણુ, કંસ તણા હે કાળ.
સોડ તજો રાધા તણી, દુરિજન આપે ગાલ;
ધીરા વેગે ધાવો રે, બીડું મારી ભાગવા હોજી.

૪

સમજ સત્કર્મ કરીલો ભાઇ, કાયા આકાલ જશે કરમાઇ;
રામ ગયા રાવણુ ગયોને, ગયા કૃષ્ણુ ગયો કંસ.
બળવીર પણ બળહીણુ બન્યા, જ્યાં કરડ્યુ કાળનો ડંસ સમજ;
સ્વારથ તણો સંસાર મુઢ શું, માયામાં રહ્યો મોહી.
કાળ જ્યારે ઝપટસે ત્યારે, રહીશ રાકડા રોઇ, સમજ

માત તાતને ભ્રાત ભગની, કોઇ નવ સાથે જાય;
પાપ પુન્યએ પ્રભુ દરબારે, ત્રાંજવા માંહી તોલાય. સમજ.

૫ પવિત્ર લીલાવતી.

કરી વેશ્યાની યારી ઉભા અટારી, ભાભી અમારી પેલા તમારા પ્રાણ;
જાવો થાઓ મેં'યારી, ભાભી અમારી પેલા તમારા પ્રાણ,
વીંછીનો આંકડો વેશ્યા છે વસમી, જો જો ન થાએ જાણ.
જાણશે તો ઝેર આંખશે જાગ્રુ, કરશે રાંડ રોકાણ,
જુએ જલકી ઝારી, હાથમાં ધારી બેઠા અટારી. પેલા તમારા પ્રાણ.

૬ લીલાવતી.

ઘટઘટમા તીરથ રહ્યો, ઘટમાં આતમારામ,
પ્રેમી મન તીરથ વસો, પ્રીતમ સાલીગરામ.
દાઝયો બુડા દુધથી, છોડે છે શીદ છાશ;
સાહસ કરતાં પ્રાણીઆ, સુખનું સત્યાનાશ

૭ હરિશ્ચંદ્ર.

ઇંદ્ર સાંત થાઓ સાંત થાઓ, તમે રૂષી રાય.
કરો નહિ કલેશ કાંઇ, પોતાના રે કાંય,
ધીરા થઇને સાંભળો, મારી એક વાત;
શરત કરો બંને જણા અત્રે એક સાક્ષાત,
જ્હારે બંને જણમાં કોઇ આપે તપ ફળ.
ખાલી કલેશ શાને કરો, થઇને આપ વીકળ,
ની કબુલ કબુલ કબુલ સર્વ છે અમારો રાય;
ટારે અમ બેમાં તેનું. તપ

૮ જુગલ જુગારી.

અમો અબળાને માયા વ્હાલીરે વ્હાલીરે વ્હાલી,
પ્રીતી વહાલી રે અમોને વસ્ત્ર કસવો ઘરેણા ઘડાવો
મોતીડે મઢાતો મન ખાલીરે ખાલીરે ખાલી મન ખાલીરે—
નેહની નજરે નાથજી મારી નારી બને ઘેલી રે
કાલી રે કાલી ઘેલી કાલી રે—અમો

૯ જુગલ જુગારી.

વહાલમજી સાડી ગુલાબી મંગાવો.!
ચોલક બનાવો મોતીડાં ટંકાવો.
બગડી બે હોરાની, મોંઘી મઢાવો.—વહાલમજી.

સાખી.

સુરતમાંજ જણાય છે, ધુતારાના ઢંગ;
જેવો વાનો પુરશો, તેવો ચડશે રંગ.

હાસીના હુલાસમાં રસીલી તારી રોસાઇ એ—વહાલમજી

૧૦ કરસુઘેલો.

ચાહે તું ધીકાર માર પ્યારમાં બોલાવીને,
પ્યારમાં બોલાવી પ્રાણ સુખમાં ડોલાવીને—ચાહે.
ચુક પડી ક્ષમા કર કઉલા હવે,
શાંતિ તું પમાડ વિરહ અગ્નિને ઓલાવીને—ચાહે
તારા સમાન નથી વહાલી બીજી મને,
માન મુક માનીતી મન મદને ઓલાવીને—ચાહે

૧૧ કળાવતી.

સ્વામી મળવાની લાલ, ચહાય આ પ્રાણીરે. સ્વામી.
તુજ આધારે જીવન દોરી, કરો શું વખાણુ સ્વયંવરલાણુ.
તારે હાથ પ્રાણ, લેજો મારા પ્રાણ.
પ્રાણ પ્રાણ પ્રાણ સ્વામી.
હવે ચાલો. બહુ ગાળો વખત ઠાલો, જરી ભાલો.
કોક પકડે, બાજી બગડે, થશે !હાણ સઉ ટાલો. સ્વામી.

૧૨ ખુને નાહક.

મોહનીયા પ્યારી સનમસે મલાવો
જો ચાહો જો માગો વોહી મોસે પાવો
એહ મુંહ કાલા ઓર મસાલા જાકે ખુશકા ખાવો
મયજલા હું પરકમે તુમ ઓર ન આગ લગાવો
જનમ એહ ગુન ગાતુ બીનતી સદા મય કરૂ.

૧૩ મુળરાજ સોલંકી.

સનનનુ સોહે સાવરીયા શામ
પ્યારે પ્યારે નયનામે વારી વારી જાઉ. સનનન
એક તો ડાલે પીયા મુખડેપે આગલ દુજે દીખાવે ઉગલોઆરામ
ત્રીજ ભરે મોરી છતીયાપે, ચુટકી ક્યા જાદુ ડાલે ગુજરીયા શામ
ચોથ લાગે મોરા જીયા ઝુલાવે નયનોકી કારી પતગાયા રામ
[illegible] ન [illegible] ઉમરીયા શામ

૧૪ સુંદરવેણી.

[illegible]

રમશો ના જોઇશ મન મોહનની સંગ--રંગમાં.
છણુકો કરતી છલબલી ઠપકો દે થઉં ઢંગ.
તુજ શમનાના શરમ મુકીએજો જો મચાવીશ જંગ--રંગમાં.
મંદન રંગથી પ્રફુલિત થાશે ચંપાએલ આતંગ
મહાલશું ચાલશું પ્રીતમ પ્રીત પણ નહિ આવે ઢંગ રંગમાં.

૧૫ રાજબીજ.

ગણે જુદાઇ પ્રાણ બની શીદ અણુજાણ
મળી આનંદ લ્હાણ ચાલ ચમન ઉડાવ.
તું છે છબીલી નાર, યાર હું રંગીલો ભરતાર
બન્યું જોડુ નીરધાર મણી કુંદન જડાવ
ઢાંક માથાની વેણ, કાળી નાગતણી ફેણ,
પ્યારી અણી આલાનેણ જરા ધીરે નચાવ
વાગ્યો કલેજે કારી ઘાવ, દુખ દેણ ભારી.
જરા થા દયાળુ પ્યારી, મને મરતો બચાવ
જોયું જ્યારથી આ મુખ, કામ આપે બહુ દુખ,
ગયો ચોર મારૂં સુખ, પ્રિયે પાછુ અપાવ.

૧૬ સતી અનસુયા.

હાંહાંરે સંતો સંત સમાગમ મોટો, હાંહાં૦
જેનો ત્રીભુવનમાં નહીં જોટો--જોટોરે--સંતો.
કરવો હરિભજન વ્યાપાર (૨)
જેમાં કદી ન આવે તોટો--તોટોરે--સંતો.
જગમાં જાયું તે જાવાનું (૨)
કરતાં ખળ ખોરબો ખોટો--ખોટોરે--સંતો,
ધરવું ધ્યાન હરીનું સાચું (૨)
એ વીણ સઘળો ગરબડ ગોટો-ગોટોરે- સંતો.

૧૭ મદન વસંત.

કહુ વાત હું વિગતે વિચાર, વનિતા વખત વધુ ન લગાડ
કર ધરીને કરવર પ્યાર વનિતા વખત વધુ ન લગાડ
રંગે રમાડું સંગે જમાડું પ્રીતિ ચખાડું રીતિ દેખાડું.
રસમાં ડુબાડુ નાર, વનિતા વખત વધુ ન લગાડ,
વિધ વિધ સાડી પહેરાવું હાડી કમખાને ચોળીને ચણીયાને નાડી
હાર હીરાનો માળ સુખાળી ઝાંઝર ઝુમણા મોતીની વાળી
[illegible]

ચડવાને ગાડીને ફરવાને વાડી હું તારો લાડો ને તું મારી લાડી
હું તારો પાડો ને તું મારી પાડી
મીઠા મીઠા મેવા ને જોઇને જોઇને લેવા
લહેરાજીના વીવાહ નહી ખાવા કે પીવા
તું ચાલને થા તઇયાર-વનિતા-કહું.

૧૮ સુરદાસ.

બોલ્ય—આ તારા વચનો સારાં સ્નેહે સાંભળતાં
શાંતી પામ્યું છે મન મારૂં રે આજે—
જગની જંજાળમાંથી બળતા બચાવોજી
ધન્ય ગુરૂ ચિંતામણી ધારૂ રે આજે—
ચીન્તા—ભક્તિ ભગવાન કેરી કરતાં હમેશાંજી
થવાનું લશએ શુભ તારૂં રે—શાણા
બોલ્ય—આ તારાં વચનો સાચાં.

૧૯ ભક્તિવિજય.

મને વ્રજવાસ છે વ્હાલો, કરો શિઘ્ર આગ્રહ હાલોરે
સગાં સહોદર માત ને તાતના ફોગટ છે સહુ ફંદ,
આનંદમુર્તી નંદકુમારની સ્નેહે ધરી સુખકંદ.
પાયો મને પ્રેમનો પ્યાલોરે. કરો૦
અધમ સ્વામીને લેજ્જે ઉગારી, બહુ વિષ આપી બોધ;
આપની ભક્તિ નહીં કદી ભુલથી નહિ કરૂ અવરોધ.
મીરાં ચીતોડમાં ચાલોર. ક૦
ભુધરને ભજી દુર ધરી મેં દુનિયાની દરકાર;
પ્રાણ જતાં પણ હું નહિ ચુકું લાલની પ્રિત લગાર.
ખોટા સહુ જગના ખ્યાલોરે.

૨૦ ભક્તિવિજય.

મારા રંગીલા ગીરિધરલાલ આવ્યા રૂડું રૂપ ધરી,
દાસી મીરાંને દિનદયાળ ભેટો વેગે ભાવ ધરી,
જાણ્યું નથી જેણે હજી શુદ્ધ તમારૂં સ્વરૂપ,
ડરશે એ દિલમાંહી, હું તો આનંદ પામીશું અનુપ—ભેટો—મીરાં
જળ સ્થળમાં હું જોઉં છુ, તમને ત્રિભુવન નાથ,
ડરવાની નથી દેવ હું તો બળથી દોડીને ભરૂ બાથ. મીરાં.

૨૧ ભક્તિવિજય.

ઘેલી ચાહરે હું તો ઘેલી થઇ, હું ભ્યાલા નંદલાલ વાંસે હું તો ઘેલી થઇ

નામ લઇ રે એનું નામ લઇ હુંતો વખત પીતાવું એનુ, નામ લઇ
આ રે સંસારીયાનું સગપણ છોડી રે (૨)
રૂડા રસ સાથે રાચી, રહી, વહાલા
લગની લાગી છે મને લટકાળા લાલથી રે (૨)
જપુ કાનુડાની માળા કરમાં ગ્રહી વહાલા.

૨૨ જયરાજ.

મોહન આવો મલપતાને, પોઢો પ્રેમે પલંગ,
અંગ ફુલ્યાં નવરંગ અમારાં, રાચ રમોને રંગ.
સલુણા સાહેબાજી હો, મોરે મન મોહની લાગી રાજ.
આજ ભરી ભર રંગ તમોને છાંટું નછબીલા છેલ
ચવિદ બ્રહ્માંડ શકિત બને એવા ખાને બતાવું ખેલ-મ૦
એક છબી છે આપની એવીજ સુરજ કોટી સમાય.
પીરગી પીરસી કંચન થાળું હરખ હઇયે ન સમાય-સ૦

૨૩ સુરદાસ

હુંતો ભજન કરીશ હરીનું, સદા સુખે—ભજન
આ સંસાર આગસમ લાગે મિથ્યા ફાંસં મારી હારી.
નહી કોઇને કહેવા તમારી વાત આ બધાઉં છું.
રાખો ભરમો હૃદયમાં, હું દેવના સમ ખાઉં છુ
છોડો ક્ષમા લાવી મને, ઝટ અહિંથી જાવા દિઓ
સંતો તણા સહવાસમાં, ગુણ કૃષ્ણના ગાવા દિઓ

૨૪ સુરદાસ.

મેં ભયનો છોડયો ભાસ, નયનો કરીને ન્યારા.
ઘટ ઘરમાં કરજો વાસ, પ્રીતે પ્રભુજી પ્યારા—ટેક
વીઠલ વહાલું બીરદ વીચારી, આ સેવકને લેજો ઉગારી
આધી વીદારી શરણે સ્વીકારી ટાળો હરો મુજ ત્રાસ રે-મેં ભયનો
આંખ વીના અતીશય દુખી થાશે જીંદગી આની શી રીતે જાશે
થાયે હવે શું ગભરાયે હવે શું શાને બનો છે ઉદાસરે

૨૫ સતી દ્રૌપદી.

શામળીઆજી કરજો મારી સહાયરે
વ્હાલા ગરુડે ચડીને વેલા આવજો રે;
શામ સલુણા સુભદ્રાના વીર રે
આ દીન બાળાની લાજ દયાળુ રાખજો રે
ભ્રમાળા છે વાત જેવી નથી કાંઇ આઇ એવી,

વા'લા તુજ ગુણુની ઘેલી દાસી દુખમાં ડુબેલી,
દુખીની દાદ ને ફરીયાદ અંતર લાવજોરે
કઉરવ કર્મ ચંડાળ દુસીયાસન નિર્દય અરે,
જોતા પાંચ ભરથાર પાપી પટકુળ તાણુતો;
વા'રે આવોને દયા દીલ લાવોને
નાથ હું અનાથ નારી ભરૂસો છે ભુધર ભારી,
જેવી તેવી હું તમારી વા'લા દેસો ના વિસારી
હેતે હળધરજીના વીર આવી ઉગારજોરે.

૨૬ સુરદાસ.

વ્હાલા વ્રજલાલ સાથે લાગીરે લગનીયાં મહારી મહારાજ
'યારી છબી શામળાની સ્થાપી ઘટ ઘરમાં મેં તો
એને હાથે છે મારી લાજ
વૃંદ્રાવનમાં ફરતા ધરતા વરતા આ આ......વ્હાલા,
હ્રદે નીત હેત ધારી બંધુ હળધરના
હું તો સેવું છોડીને બીજા...વૃંદ્રા......આ વ્હાલા,

૨૭ સતી દ્રૌપદી.

ગોવીંદ ગુણ ગાઓ રે નરનાર,
ગોપાળ ગુણ ગાવો રે નરનાર
ગીરીધરશ્રી ધરશ્રી મુરલીધર
નામથી નેહ લગાવો રે—હાં નેહ લગાવોરે.
મારૂં તારૂં મિથ્યા માની કૃષ્ણ કૃષ્ણ કહે જાવો રે. રે૦
અધમ ઉધ્ધારણ ભવ જળ તારણ,
નિરભય નામથી થાવો રે ભય નામથી જાવો રે. રે૦

૨૮

જાગરે જીવ સંભારને શ્રીહરી શઠ થઈ શું સુતો સોડ તાણી
પોટલાં પાપનાં બાંધીયા સાથ નવ જ્ઞાનુ વઇરાગની વાત જાણી—
દિવસે ચોદિશ ભમ્યો રાત નિદ્રા વિશે સ્વપ્નમાં સભારે ખોટી માયા
જન્મીને જીવતનો સાર જાણ્યો નહી નવ ઘડી એક ગોવીંદ ગાયા
મોહમાં રહી મચ્યો પ્રપંચમાં તું પચ્યો ચિંતામણી એળે ખોયો
ધાર્યું કરતો નથી હાર્યું કરવું પડે અંતે પસ્તાઇ પસ્તાઇ રોયો.

૨૯ મીરાંબાઇ.

હરી મારા હ્રદયે રહેજો પ્રભુ મારી પાસે રેહેજો
મને ખ્યારા વ્હાલા રામ મને દીનનો વિશ્વાસ છે

મીરાંબાઈને મારવા જ્યારે રાણે હઠ લીધા રામ—મને
ઝેરના પ્યાલા મીરાંબાઈએ અમૃત કરી આરોગ્યા રામ—
જુનાગઢના ચોકમાં જ્યારે નાગરે હઠ લીધી રામ—મન૦
નરસિંહ મહેતાની હુંડી લઈને દ્વારીકામાં દીધી રામ—મન૦
શબરી કેરાં એઠાં બોર પ્રેમે કરી આરોગ્યા રામ—મન૦
ત્રણ ભુવનના નાથ રામને મીરાંબાઈએ ગાયા રામ—

૩૦ વિક્રમચરિત્ર.

નજર કરો નાથ જરા ઓળખો હો નારી,
શું હું બીજી કે કંથ આપનીજ પ્યારી—નજર૦
હેમ પ્યાલો હાથમાં ને મહીં મીઠું દૂધ.
ખાધું બાબા પાસથી શું તેના ભુલ્યા શુધ
શાણુ હતી એ તે કંથ દૂધ પાનારી—નજર૦

૩૧ સદેવંત સાવળીંગા.

વહેલા ઉઘાડો દ્વાર, સદેવંત વહેલા ઉઘાડો દ્વાર,
એકલી ઉભી છું હું બહાર, સદેવંત વહેલા ઉઘાડો
માટે લગાડો ન વાર, સદેવંત વહેલા ઉઘાડો—ટેક.
છે મનથી તુજ મશ્કરી, જીવ જ મારો જાય
ઉભી રહું આંહી એકલી, તેમ તેમ હૃદય મુંઝાય—સદે૦
માત પિતા મેં પરહર્યાં, તજી નાત ને જાત
તમ અરથે બની ઘેલડી, આખી ગાળમ રાત—સદે૦
હવે હદ થઈ વાતમાં દરશન દો ઝટ આપ
શક્તિ સહન કરતી નથી, તમ વિયોગ કેરો તાપ—સદે૦

૩૨ નંદ બત્રીસી.

મન ભુલાવે મન લોભાવે, મન ચકડોળે મન ચડાવેજી;
શુધ પવિત્ર નિરમળ આત્મા, કાદવે રંગરોળાવેજી,
જોવાનું તે નવ દે જોવા, નહીં જોવાનું બતાવજી
અમરત મુકી વિષને વળગે નરક મહીં રોળાવેજી
ચારૂ વનીતા ઘીશ મહીં છે, કોઈ ગોરી કાળીજી;
તૃપ્તિ છે સંતોષ મહીં નથી, સુખકર ટેક બાળીજી—

૩૩ ઉમાદેવડી.

ગાજે ગગન ગરરર ગગન ગરરર ઝબકે વિજળીઓ ઝરરર,
વરસે વરસાદ ઝરમર વરસાદ ઝરમર વિયોગીના ચીર ચરરર
બીની બાળા હાય અરરર સ્વામી સોડે પેસે સરરર—ગાજે૦

હરીયારી જુક્રી બની, હરીભ્રમણા વગા વન.
હરીયાળુ સંજોગમાં.
અરે વીરહે ધિકે છે અંગનારે સજની મદન પીડા દુઃખ કરાય
બાગા રહીએરે મનમાં, સુખ—સાજની
નદીઆ ખરરર નાસતી સાગર સ્વામી પાસ
મોર મયુરીને મળે
ચટપટ લાગે રે આવે સાંજે બાગી જોતા રે
માતાજી મેર કર કર, કુંવારી કોડે કરગરે
મનસો મદન મહાવીર, મનસો મદન મહાવીર.
મુક્ત માતાજી નામે થરરર—આરે૦

૩૪ નીલગુર્જરી.

રે અવીઆગા રઘુવીર જગદાધારને
આજે આ અબળાની આધારને રે
હું દીન બાગા કોણ્યા કંથ કુમારને
વાદળ વરસે રૂધીર સુશાળ ધારને
બલે આ જીવ જાય અમારા માંય
કદી નાથ આગા રોપીસ નહિ
સતી સંત જીવે પતિ ગુણ ગાઇ
સતીની ગતી છે પતિ હાથ રહાય
રે દીન બંધુ—નળવગેને ભરથાર તેને
કેરટના છે પ્રણામ પ્રાણાધારને

૩૫ ભક્તરાજ અમરીસ.

ચાલ ચાલરે મારા સમ ભમોયા,
તારી ઠમકતી ચાલ મને બહુ ગમતી,
વાંકી પુછડી નથી સીધી વગતી
તારો કઠણ બોલ ત્રાંબીઆનો તોલ,
તુ તુ તુ કોલ આપરે વહાલા મન વસીયા. ચાલ૦

૩૬ ભક્તરાજ અમરીસ.

જાદુથી ભુલાવે છે આ ભાન, નટખટ બહુ કર પિછાન, (જાદુથી૦
ધુતારો છે કે ઠગારો કોઇ, મોત વિણ મરવા આવ્યો નાદાન
ક્યાંયથી ઘુસ્યો ઘરમાં આતો,
જોઈ એતું મુખ મારો જીવડો જાતો.
(આવીએ હું આનો બાપજી મધ આપ, તારો વર ઠીક કહું છું કે

આવું અશીષ કર)
(જાને રોયા ઘરબારો, જને વહુ તારિમાં, ખડ મુખે ખા લાડુ નર
આપણે પજતથી રહીએ બાપુડી આવું ના કહીએ
દુર હઠ પાજી છોડ ગતરાજી.
ઠીક, ઠીક, ઠીક.
ત્યારે મારા સુખરાળા, લટકાળા ચટકાળા વ્હાલાજી વાલમજી
રોયડું ઝાલજે અમથુડા આવું જરા
ગરદન મારીશે ગેહોમાં ડુબ્યો હતો;
 ફટ છોકરાં,
જા ટગ ટગ
મુક ડોક મારી કડું શું ગયા બાંગી.
લ્હાવો લીધો શેઠ મોં માગી લે, લે, લે,
ચાલો મરતીયા અમથુડા એને જતા હાથે,
એ તરતન હેવાન.

૩૭ ભક્તરાજ આમરીસ.

મોહનજીને મળવા તલસે મારૂ ચીતરે,
પ્રેમની આંખો પ્રેમની પાંખો;
પ્રેમના ગાઉં મુખે ગીતરે—મોહનજી.
સાગર સંગે સરીતા ઉમંગે
મળવા દોડે ધરી પ્રીત રે—મોહનજી
પ્રેમે મળશું ગાનમાં ભળશું,
વહેલા વળશું હાં ખચીત રે—મોહનજી.

૩૮ જગતસિંહ.

દુનિયામાં નથી કોઈએ દીઠા પ્રેમ કાનાંગ,
સાગર મળી કુકનો પ્રેમી કોઈએ ન ઉગારે—દુનીયા૦
મનગમનાં મુઝાયો ભમર એમ ભમાયો,
પ્રેમાંધ બની પુષ્પ કમળમાં એહ બીડાયો—દુનીયા૦
પંખી પરદેશી પ્રેમ વગડે જઈને ગુંચાયો,
ઝાડીમાં મળી વાર નહિ એમ અથડાયો—દુનીયા૦
આ નિત્ર મળે સોમીઓ, આવે હવે આરો,
નહીંતો લજાએલા રહે એ અળીક બીચારો—દુનીયા૦

૩૯ ભક્તરાજ અમરસ.

આથી સુંદર છે મારા નાથ—મારો નાથ રે

ભક્તમણી એ દાસ કૃષ્ણનાથજી,
ગુણસાગર એ નટવર નાગર,
મોહી નાગર ચરણે સોંપ્યા હાથ (૩) રે—ભક્ત૦
કરવાને મનના માગેલા તન,
સમાન કરીશું એનો સાથ (૩) રે—ભક્ત૦

૪૦ — રાગ આશાવરી.

જાગી જોને તું છકેલા, આવ્યા જાગી, તેં જરી;
ઊંઘે શું અભાગી, જન્મતા ... કરી (૨) જાગી.
સ્વારથનું સગપણ સંસારે, તેમાં મૂઢ તું શું લપટાએ,
ફરી નહીં મનુષ્યદેહ તનુ આવવા ના ગરી,
... ના ... , ... ના ... —જાગી.
... કરીને ... ,
... ના ફરી
... ના ફરી, ... નરસી ના ફરી
... —જાગી.

૪૧ — રાગ આશાવરી.

આ દેહમાં રામ નહિ સાચો ... શાણા,
... આવનાર આવી મળી એ ઉરાણી.
બાળપણું રમતા ગુમાવે,
જુવાનીમાં લંપટપણું ભાવે;
વૃદ્ધપણામાં ... તણાએ, રટે નહી કીરતાર રે—આ૦
મરણું આસ જરૂર આવું થાવે,
ક્રૂર ... નજરે ... ;
પાડક ... , પસ્તાવ પામી, ત્યારે આંસુ વહે ચોધાર રે—આ૦

૪૨ — રમાકાન્તજી.

મહી વેચવા હાલી હું તો મહી વેચવા હાલી,
મારગે પડકારા મારતી ફર ફુલી ફાલી;
જુવાનીયાની નજર પડતાં લાગુ બહુ વહાલી.
પ્રેમ પરખી પરણું હું તો મોકું ન ઠાલી માલી—હું તો૦
સાચી માણીગર મરદપર માં કર કરડી આંખ
પોપટ પડ્યો પ્રેમ પાંજરે પાળ ગમે તોડ પાંખ;
ગણીએ નહી અમે પોપટડા, ગાડરના સારનાર,

અડીએ નહી અળખામણાને રહે તે પડતું ગમાર;
સીકને થકા [illegible] સીકને થકા [illegible],
તાગ જેવા તો પગ ગાટે પણ હજી ન નાસીરે—હુતો૦

૪૩ રમાદેવી.

જરા નાચોજી નજરેથી યાર, હાંરે જરા બેસોજી નજરેથી યાર,
તેરી મેરી નેહી બની મજેદાર—જરા૦
ચાલું મગરી મહાનુ અટાથી, એવો મલકાજીનો વહેવાર—હાંરે
હો નેન મીલાવાને પ્રેમ [illegible] ભાર [illegible]
લટક લટકેથી આવોને મટકેથી [illegible]
જેવું હું ઈચ્છું યાર, મલકના જોજને દેદાર—રંગીલા૦

૪૪ લીલાવતી.

સાવર મન આમેલા ચાલો દીગે ભાર મન મલબેલા.
શરદ પુનમના સુધાકર નરખો, આજ ગગનમાં ફરતો—આવો૦
મનોહર કસ્તુરીના મૃગ માફક [illegible] આવો૦
હું નીરખણી [illegible] સુણી, [illegible]—આવો૦
[illegible]—આવો૦
ચંદ્ર ચકોરનો મયૂર મેઘ સમ, મુજ મન રંગ રંગેલા—આવો૦
[illegible]—આવો૦

૪૫ ચીંગાવલી.

હા માનોતા માનેતા [illegible] તારું [illegible],
હા [illegible] નાના મોટાનુ [illegible]
પહેલાં પાણી પીને [illegible], પછી એનો [illegible]—હા,
[illegible] પછી કરે અપમાન.
[illegible] નુકશાન.
[illegible] ને પ્રીતીનું પાત્રજ, [illegible]

૪૬ નવલકુસુમ.

ભરી ભરી પ્રીતીની પ્યાલી પાજે ને પીવરાવજે—ભરી ભરી
લટકે ને મટકે રસીલી રસીયાને રીઝાવજે—લટકે
જીવનનો લહાવો લેજેજી, જોબનનો લાવો દેજેજી,
રસનાના રંગ તરંગમાં, ઝલજે ને ઝલાવજે—ભરી
બની તુમ ગુલ રસીલી રે, પીયુ બુલબુલ રસીલીને,
ગાનના જાદુમાં રે, હુલજે ને હુલાવજે—ભરી

૪૭ લીલાવતી.

આજ આ રાજ મંદિરમાં કરગરીને કરૂં વીનતી--ટેક.
એક રામસેના વેશ્યા અહીં સાચી શલ્ક તે તો માગી ગઇ
રાત દીન ઘેર તેને રહી, મમ પુત્રની બગડી મતી--આજ
કુળમાં કલંક કપુતથી, આમને જરી સાંકો નથી.
એથી આપને કરૂં અરજ આ, મુજ ભોળાનું પદ ભૂપતી
હુકમે હમારી પીડા હરી, ગુણીકા કનેથી કૃપા કરી,
મમ પુત્ર અપરાધીએ માગો શરણમાં બહુ નમી—આજ

૪૮ સતી અનુસયા.

મારે મંદીરે પધારો યોગીરાજ મહારાજ,
ભોજન કરાવું મન ભાવતા;
ઘેબર ઘારી જલેબી શીરા સુખડી,
મોતીચુર ને મેસુર ભાજી સુખડું,
ગાંઠી નાનખટાઇ કોળાની તળી, તન હાજર--ભોજન
ગોળ પાપડ શાક ભાત ભાતના.
દહીં રાયતાં અથાણું ભાત ભાતના.
આ તો ભક્તિથી પીરસું પોતે ભરી થાળ—ભોજન૦

૪૯ રાણી અનુસયા.

મારે મોટો ગમતી રાગ કિલ્લોલ;
જ્યાં ત્યાં પથરા પૂજો શું તમે (૨)
ફુલ સુગંધીવાળાં રૂડા રંગે રૂપાળાં,
તેના મીઠી સુગંધી કોને ના ગમે;
કોને ના ગમે—મારે
લીલા પાનાં ઝાડ પાન—ઉપર પંખી કરે ગાન;
રાગ કાને સાંભળતાં કોને ના ગમે;
કોને ના ગમે—મારે

૫૦ કબીરદાસ.

રામ નામ તું ભજલે પ્યારે, કાગકુ મગરૂબી કરતા હે
કચ્ચી મટીકા બંગલા તેરા, પાવ પલકમે ઢળતા હે
બ્રાહ્મણ હોકર પુરાણ વાંચો, સ્નાન તરપન કરતા હે.
સર્વ કાલ સુગીત રહે તો, ઓ ક્યાં સાહેબ મીલતા હે
જોગી હોકર જટા વધારે, હાલ મસ્તમેં રહેતા હે,
ઇશ્વર ધરે કર હાથ સુકાવો, ઓ ક્યાં સાહેબ મીલતા હે—રામ
મુલ્લા હોકર બાંગ પુકારે, વો ક્યા સાહેબ બહેરા હે
મુંગીકે પાંવકા અવાજ બાજે, ઓભી અલ્લા સુનતા હે

જગમ હોકર લીંગ બધાવે, ઘરઘર લેકર ફીરતા હે
શંખ બજા કર ભીક્ષા માગે, એ ક્યાં સાહેબ મીલતા હે
કહત કબીરા સુન ભાઇ સાધુ, મનકી માલા જપના હે
ભાવ ભક્તિસે ધ્યાન ધરત હે, ઉનકુ સાહેબ મીલના હે

૫૧ મીરાંબાઈ.

મુખડાની માયા લાગીરે, મોહન તારા મુખડાની માયા લાગી.
મુખડું મે જોયું તારૂં, સર્વ જુગ થયું છે ખારૂં
મન મારૂં રહ્યું ન્યારૂ ન્યારૂ રે—મોહન તારા૦
સંસારીનું સુખ એવું ઝાંઝવાના નીર જેવું.
તેને તુચ્છ કરી ફરીએ રે—મોહન તારા.
સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું,
તેને ઘેર શીદ જઇએ રે—મોહન તારા.
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો,
રાંડવાનો ભે ટાળ્યો રે—મોહન તારા.
મીરાબાઈ બલિહારી, આશા એક મને તારી,
હવે હું તો બડ ભાગી રે—મોહન તારા મુખડાની.

૫૨ કબીરદાસ.

રામ ઝરૂખે બેઠકે સબકા મુજરા લેત
જૈસી ઉનકી ચાકરી, એસા ઉનકા દેત.
મન મરે માયા મરે, મરમર જાત શરીર,
આશા તૃષ્ણા ના મરે, કહે ગયા દાસ કબીર
કબીરા તેરી ઝોંપડી ગલકટે કે પાસ
કરેગા સો પાવેગા, કાહુ બેટા કાહુ બાપ
અજગર કરે ન ચાકરી પંખી કરે ન કામ,
દાસ કબીર યું કહે સબકા દાતા રામ.

૫૩ સુરદાસ.

વિષય વાત મમ માત તજીને, કૃષ્ણ ભજન તું કરવા દે.
ધર્મ વૃત્તિ એ ધરણી ધરતું, ધ્યાન મનીના ધરવા દે.
અધમપણાને અલગ રાખી, ભંડાર ભક્તિના ભરવા દે.
નટવર નામનું નાવ મળ્યું છે, તો ભવસાગર તરવા દે.
નાશવંત નર નામ છોડીને, અક્ષય વરને વરવા દ—વિષય.

૫૪ ઉદયભાણ.

માન માયાના કરનારારે જરી જોને તપાસી તારી કાયા
પુછી જોને તું પંડીત પુરાણીરે કોઇના અમર છે લેખ લખાણા

કાચી છે કાયા આ માટીના માયા માટીના ખેલ બનાયા
જાણુ તો સમજી અલગ શાને પણ બાળક અંધારા બનાયા રે
આંખોની પાંપણ ગઈ છે ઝીણમાંહ કેરી ગુર્જર લીંપણ કમા
કાળના કોળાકાથી આખું ગળ્યું છે ... બને રક ગહકાતા રે—કે
સંધ્યાના જેવા રંગ સોનેરી જોબનના લાલ લાગ્યા
જોબન ને તન મન તેરા સમજના પાણીમાના પરપોટા રે

૫૫ વીણાવેલી.

અરે શું માનવી અભિમાન પલકમાં ... ... રે
અરે તેમ પીંપળ ... પાન પલકમાં ખરી જતાં રે
પલકમાં ખરી જશે માટીમાં મળ્યા જશે રે
નહીં જગતમાં નહીં તેરા સુખાની ના ના......મે નથી
સુખ મનમાંમ તોઉ મગન થા......રે મળી
બાગર નર ... .અરે.
કાયા કઠોર કારણ છે ... ગાડના
અમણુ અને સમજ મૂર્ખ અભિમાનને ત્યાગો
આણીમાન ફુળીઘરો નહી દુ:ખ પામો ...
રાવણ મરી ગ માન્યા લીધા નથી કાંઈ લાધો

૫૬ મીરાંબાઈ.

કાનુડો ન જાણે મારી પ્રીત બાઈ અમે બાળ કુંવારા રે—કાનુડો.
જળ રે જમનાનાં નીર હું તો ભરવાને ગઈતીરે
કાનુડે ઉછાળ્યાં આછાં નીર ઝીલ્યાં છરરરરરરર—કાનુડો.
જમનાને કાંઠે વાલે રાસ રચ્યો છે
સોળસેં ગોપીનાં ઝાલ્યાં ચીર ફાડ્યાં છરરરરરરર—કાનુડો.
હું તો વરણાગી કાના તમારા રે નામનીરે
કાનુડે તાકીને માર્યાં તીર વાગ્યાં સરરરરરરર—કાનુડો.
બાઈ મીરાં કહે છે પ્રભુ ગીરધરના ગુણ વહાલા
કાનુડે બાળાને કીધા ખાખ ઉડી રરરરરરરર—કાનુડો

૫૭ માનસિંહ અભેસિંહ.

જળ ભરવા હું ગઈતીરે સાહેલીની સંગ
આડા આવીને ઉભા રે કુંવરજી નવરંગે
જળ ભરવા સર્વે ગયા એ વાડી મોઝાર
થઇ ઉભા દરવાન તે બંને રાજકુમાર
રોકી રાખી સાસુજી રે અમો સર્વે પનીહારી
નામ પુછીને મારું રે કીધા ઠઠ્ઠા ભારી—જળ.

શરમાયા ઉભા રહ્યાં શું ગમતું આવતાં જોર
વિનંતી કાંઇ સુણી નહી દેખાડી નીજ તોર
તેથી અમો હાર્યા રે આખર એક સાહેલા
નામ દીધું જ મારૂં રે ત્યારે દીધા મેલી—જા૦.

૫૮

સંસારીઆમાં એક એ બતાવો નરે સુખીયા કોઇ
રાજા પણ દુખીયાને, પ્રજા બધી દુખીઆઇ
દુખીયા જગતમાં જીવાનીયા—સંસારીયા.
આશા તણુંમાં બંધાણા જનકોઇ
એક બીજાને લડાવીયા રે—સંસારીયા.
મનમાં મનોરથ મોટા મોટા આણીને,
અમને આહદે અભાગીયા રે—સંસારીયા.
ધાર્યું હરીનું થાય મુરખ માને નહીં કોઇ
અંતે પડે હાર જીવોનાં—સંસારીયા.
ભવ રે સાગરને પાર ઉતારવા કોઇ
રામનું નામ લે તું પ્રાણીયા—સંસારીયા.

૫૯ મોહનીચંદ્ર

આવશે પ્યારી, આવશે પ્યારી આવશે
અહોહોહો, મારી હૃદય બાગી પદમણી પધારશે રે
હીરા મંગાવું કે મોતી મંગાવું, પ્યારીનું મન શે માનશે રે.
માળા મંગાવું કે ગજરા ગુંથાવું સુંદરીને શું ફાવશે રે.
ચમેલી લાવું કે લીંબો લગાવું, રસીલી શાથી રાચશે રે—
લાડુ મંગાવું કે ઘેબર મંગાવું, માનિનીને શું ભાવશે રે.

૬૦ મોહનીચંદ્ર.

ચાંદને આંગણું ચાંદની રે ખીલી રૂપેરી રંગ રગ રે
આવો સાહેલી રંગ માનવા
હૈયા ખોલીને બેન બેનરે વાતો કરી લ્યોની વહાલની
વહાલા વસે વિદેશમાં, બાળા બાળે વેશ;
સહચર શાશા મોકલું, શાણુને ,સંદેશ.
કુંજલડી રે સંદેશો હમારો જઈ વાલમને કહેજોજી રે
પ્રીતિ કાંઠાના હમે પંખીડા પ્રિતમ સાગર વિના સુના સુનાજીરે
કુંજલડીને વહાલો મીઠો મહેરામણ.
અમને અમૃત ખાણુ વહાલા પ્રીતમ પ્રાણુ—કુંજલ.
સાયબો મારો સુલક્ષણો, એઠા જુઠાં ખાય;
ઘરની સુખડી ના ગમે, સોગન જુઠાં ખાય.

તમારા સમ જો તમે મને વહાલા, જુઠા નથ ખાવડાજ રે
પીયુ તમારૂં મનડું માને ત્યાં જાવ છો,
ધા અર્યા ઈશ્વર વૈર રૂઠ્યો છે
કુશકા ખાંતને પકા ખાત કોરૂંરે—પીયુ તમારૂં
   મોઘા પરણ્યાની સુંદરી, સ્વામાં વરસે સાઠ;
   મોઢું જોઈને મોહો રેયા લાકડી કરતી રાત.
પગમાં કાંટો વાગ્યો (૨)
નહિ રે જીવું હું તો નહિ રે જીવું
મારી સગી નણંદના વીર હો રાજ—પગમાં કાં૦.
તેડાવજો મારા બાપાજીને રે,
જોગી જતીને તેડાવજોજી રે—નહિ, રે.

૬૧ વીણાપંક્તી.

ચાલો મારા ચતુર સુજાણ હાં હાં
માને નહિ નયનનાં બાણ હાં હાં
કાળજે ઉતારી તારી મુરતી રસિલા પ્રાણ—ચાલો.
ચાબક મારો તેં ખંજર ખુતાડી મારી નયનો માર,
હાસ્યના ઉપર કુણા વચન લગાડી પુરો કર્યો લાચાર
નખરેથી છેતર નાજુક નાજુકડી
મારો તેં હાય હાય હાર હાર
રસિકવર મારો તેં હાય હાય હાર.

૬૨ મોહનીચંદ્ર.

મારી લાડકડી લજ્જાને સંભારજો રે
આ પાંખ વિનાની પંખીણીને પાળજો રે
બેઉ ચતુર સુજાણ છો શું કહીએ
તોય દંપતીને આશીશ દઈએ
હળી મળીને હેતે પ્રેમ હેમ સંભાળજો રે,
મધુરા મંત્રથી પાપ લુટારાને મારજો રે
નિર્મળ મતિ જળથી ન્હાય અનિતી નિવારજોરે
જળથી છુટે માછલી નોંધારી લાચાર
ગભરાતીના ગુણવંતિ વિશ્વપતિ છે વ્હાર

૬૩ નરસી મેહેતો.

વારી વારી શું શોભે છે વીરો બીજા પાંચકા ને પોતે હીરો
પીરશું ખોબલીઓ ખાંડ ને ખીરો દેશે બેનીને બહુ હીર ચીરો
ધરણીધરનો સેવક સદા ધીરો જેને દેખીને લાજે અમીરો

શુભ ચાહક જગ વીરનું, બેન વિના નહિ કોય;
વંશ વધારક તાતના, દીર્ઘાયુષ તું હોય.
આપ તું આશીશ, સુખડાં પામીશ, દુખડાં વાગીશ બેન—વારી.
ધન ધન મારી બેનડી, વિણ સ્વારથ પુંજ પેર;
સ્વારથ સઉ સંસારમાં, નહિ નરસીને ઘેર.
સાચી સાચી પ્રિત ચાટી તારે ચીત ગાતું મને ગીત બેન—વારી.

૬૪ વીણાવેલી.

જગતમાં તે નરને ધીકાર, તજે જે પરણી ઘરની નાર
બગાડે મુરખ તે સંસાર, ભેળવે દારૂમાં કંસાર
અરે કેમ હાથ પડે રે અ...રે સુંદરી ધર શણગાર
ગુલાબના દગલામાં શોભે, વગ ધગતા અંગીકાર
અંગ આપણું અબળા કહીયે, કહો બાઇ અંગ તજીને રહીયે
અ...રે કોણુ દાર– જગતમાં
અરે કેમ કેશર ખાવાના, લસણુ તજો નાર
મધુર કળીનાં કુંગળા ગુંથે, દીણભાગી સરદાર
કુસુમ કળી કામબાઇ દીસે કરમાં ખુંદે કળીને છાકી છરમાં
અરે......કુંભાર,

૬૫ ચંદ્રહાસ.

કરમાં તું દીલ સાથ છોકરા કરમાં તું દીલ સાથ
તુંને કોઇ ન મારે લાત છોકરા'
તુંને સંભાળુ વિનિથી પાળુ ચાલ તને મારા મહેલ દેખાડુ:
પહેરણા વસ્ત્ર સારા મારા કાઢુ, ચાલ તું જો મારા મહેલના ચિત્રો
રમકડાં રૂડાં ન્યારાં વિચિત્રો, અરે મારા કેવા છે કંકણ હાથ—છો૦
તમે માયાળુ દીલ દયાળુ સઉના કહ્યા વિના હું નહિ આવું
માતપિતા તમ ભ્રાત કોપાવું, વિષ્યાળી હું સત્યજ કહાવું
મારા નહિ હું તો નહિ આવું, તમે મુકો મારો હાથ—છોકરા૦

૬૬ મોહનીચંદ્ર.

પ્યારી વાતો મધુરી કરો પ્યારની, કાંઇ ખાતર કરો દીલદારની
બોને ક્હેજત જોબનના શણગારની બોલ બાળા બોલ
મદનના બહારની
ઘુંઘટ ખોલો બાળા બોલો, જુવાની દીવાની દીન ચારની
મુકો વાતો સુણાતું વહેવારની બીક રાખો ખુદાના મારની
બધી મઝા મસ્તી આ સંસારની, નહી, ચાલે હજુર કીરતારની
જમડા આસે પુરા પછાડે, દેવાની નાહાની મુકો પ્યારની—બધી૦

૬૭ સાંપ્રદાય.

ફીટકાર હો ફીટકાર તુને નારીને ફીટકાર
ધીક તારી જાતને સુધારો વ્યભીચાર—ફીટ.
પતિવ્રતાનું ડોળ ઘાલે પતીની સાથ તું
અંતે તુને આવું સુઝયું ધીક છે અવતાર—ધીક.
કુળ લજાવ્યું કુળ તાતનું બાળી ગમાર્યો,
આબુ જશે આ માતો આ તુજ કાજ નારી—ફીટ.
નફટ જરા ન આવી શરમ કર્યું શું કર્યું
ધર્મ નષ્ટ નર્મ તારો નાગણો તે વાર—ફીટ.
ભોગી રાજા ભરથરી તે નારી કાજથી
મરાવ્યું રૂપ માટે મળે નીચ હાથ નાર—ફીટ.
ફીટકાર છે ફીટકાર તને ધીક્કાર ધીકાર તને
તારી જાતને ધીકાર તારી માતને ધીકાર—ફીટ.
અને ધીકાર તારી સાથ ભળનારને ધીકાર

૬૮ અશક્તતા.

આવો આવો ક્રમક્રમને પગલે
આવીજી ડગલે ડગલે
સુખ શાંતિ વ્યાપી સઘળે
રોકું હું ડગલે ડગલે
બીસો નહિ જરીએ બાળા
શા ચલાવે છે ચાળા—આવો.
પારસમણી પડએ પેઠા, બીક સઘળી હેઠી બેઠી
ચીયું જે તો ચંડાળે, બોંગરીયું હા ભુપાળે
સુખ હું હાથ કપાળે

૬૯ સુશીલા.

ભાગ્ય વીના નર ભમતા ભવમાં બલબલા ભારી
અતી દુખીયારા હાલત હાતા દેતુ વીહારી—ભાગ્ય.
કષ્ટક કરતા નાચારી કષ્ટક નર છે ભીખારી.
કષ્ટકને અસ્વારી કેવી, લીલા છે પ્રભુજી તારી
સુશીલા સમજે પ્યારી, વિયોગે અતિ દુખીયારી
અકપતીથી બે ઉગારી, કષ્ટ કાપો કરૂણાકારી—ભાગ્ય.૨
કહું કષ્ટ શું ગીરધારી, વાણી ન પહોંચે બીચારી
વીનતી ચાહે વિશુચારી હવે દયા કર આભારી—ભાગ્ય.

૭૦ મોહનીચંદ.

સે વચન (૨) વજા રાખે ભગવાન સહાય તે ધણીરે
છે વચન (૨) પરમારથ કારણ પ્રાણ તરખલું લઉ ગણીરે
વીના વીનંતી વાદળ વરસે હરદમ ઉગે ભાણુ બાળા
તરૂવર ફરતાં સરવર ડગતા ડાણુ કરે છે તાણુ
વીર વિક્રમ વિદેશ ભટકયો શું સેવાને લ્હાણુ
તન ધન અરપે પર ઉપકારે, ચાદુર ચતુર સુજાણ.
પર ઉપકારીની બલીહારી જીવ્યું તેનું પરમાણ.

૭૧ કૃષ્ણચરિત્ર.

દાણુ માગે રે દાણુ માગે.
કાનો કાકરી મારે તો મને વાગેરે—દાણુ.
કાનો કીયા મુલકનો દાણી,
મારી નવરંગ ચુંદડી તાણીરે—દાણ.
કાનો કીયા મુલકનો સુબો.
મારી વાંટડી રોકીને કાન ઉભો—દાણુ.

૭૨ ઉદયભાણુ.

મુને સહાય કરશે મોરારી રે વારે ચડશે ગોવરધારી.
અહલ્યાં ઉગારી મીરાંબાઇ તારી
બેની ચિંતા કરીશ નહિં તું મારી
મંજારી બચ્ચાંને બળતા ઉગારી,
મોક્ષ દીધો ગજેંદ્રને તારી.
દ્રૌપદીના ચીર પુર્યા
થાશે તે સહાયકારી.

૭૩ ઉદયભાણુ.

બોલો મારા પ્રેમી પોપટજી બોલ બોલો.
બોલો બોલો મેના બોલાવે, ડોલો રંગરસીયાજી ડોલો.
જરી ડોલો ડોલો ડોલો પ્યારી ડોલાન.
મેના તારા વચનની વેણુ વાગી,
લાગી લાગી લલિત લ્હે લાગી
મેના વહાલી મેના કેના કહે પણ જાગી.
જાગી જાગી અજબ જ્યોત જાગી.
પહેલાં પોપટજી પ્યારા રામજી સભારો
વ્હા વ્હા મેના શું સતી સીતા વિચારો
ચતુર સુજાણ સીતારામ ઉચરાને—બોલો.

પોપટજી પાંજરૂ સોનાનું સજાવું
લાડવી હું લાલચું નથી કે લલચાવું,
સોને રૂપે શું બીડ બીતરની બાગી—વાગી
ભાવના ભુખ્યા સુતાવી ભાવના ભુલાં—મોહે
રૂડા સુવાને રંગે રંગ રમાડો,
પાંખે ધ્યાનીને ફળ મીઠા ખવરાવો

૭૪ સરદારખાં.

દયા કરે તે કોઇ નવ કરશે ગુરખ કરે અભિમાન
પ્રાણી બીચારૂં તુચ્છ મગતરૂં, કાગ કર્યાં અજ્ઞાન.
હુંપદમાં ગરકાઇ મરે પણ, ધાર્યું કરે ભગવાન—દયા.
નીરધનીયા પળમાં ધનવતા ધનો થયા લાચાર
સદા સુખી કે સદા દુખી, નહિ કોઇ જગતના રહેનાર
કુંપળ હસતી પાન ખરંતા તે પણ છે ખરનાર
સત્ય ટેક ખાતર જે રહેશે, આફત અપરંપાર
નામ અમર રાખે તે જુગજુગ, જનમ્યું તેજ જનાર
નાહક આધીન છે કે નીચ જન, સત્ય સત્ય સહાયક કીરતાર

૭૫ મીરાંબાઇ.

હરીવેણુ વાય છે રે હો વનમાં, તેના રૂદ્ધ વધ્યો, મારા તનમનમાં
ચીતડામાં ચટપટી રે હો લાગી, જીવન જોવાને હું જાગી.
રસીયાજીને રે હો રાગે, વ્યાકુળ કીધાં છે વઇરાગે
ગતમતે ભુલી રહી ગેહની, વનમાં બંશી વાગે વેહની
ધીરજ ધરીયા હો ધ્યાને, કાંકણુ નેપુર ધરયા કાને.
સેંજે કાજળ રે હો સાર્યા, વેહમાં બાળકને વિસાર્યા.
પ્રીતમ પરવશ રે હો કીધા, લજ્યા લોપી મન હરી લીધા.
કંઇ કંઇ વાર્યાં રે હો કંથે પ્રભુજીને મળવાં ચાલ્યાં પંથે
ત્રીભોવન નીરખ્યા રે હો તમને, અંગમાં આનંદ વાધ્યો અમને
વાલમ જોયા રે હો વનમાં, મીરાંબાઇ મહાસુખ પામ્યા મનમાં.

૭૬ મીરાંબાઇ.

ગોરી ગુણીયલ જાશુ અમારે ગામરે
નારી જપશે નીશ દીન નાથ નામ રે
માળ ધારી હાથે કહીશ સ્વામી સ્વામી
શીશ સ્નેહે નામી જેમ ભક્તિ ગામી જપે રામરે—ગોરી.
રાજકુંવર રૂડા અતિ, અવની માંહી અનેક,
રૂપ ધરી જીવે નહિ, મીન તણી એ ટેક

એમ કરતાં કસોટી જો કંચન થાશો
ગુણ મારા ગાશો પ્રીત પાળી પાસો
કુંજ રતી, થાશો આપ કામરે.

૭૭ રામ રતન.

જીવ જાતા એક જોણુ વિશ્વ સઉ વેરાન દીસે,
વીશ્વ સઉ વેરાન દીસે ક્યાંય આરામ દીસે;
સુના મંદીર સુની મેડી, સુનાં જાળી જાળીઆં
સુના દીલને સરવ આજે સળગતા સમશાન દીસે
માટીનું ખોખું તજી, એ પ્રાણ પખીડું ગયું;
આ માટીના ગાળા મટી એ ખોખુ પણ નાના દીસે—જીવ.
જીવતા જે જાણતા તો આ મારો છે.
તે પંથી તો પંથે પડયો આ જીવતો ના કામ દીસે.

૭૮

ગરીબ ગૃહસ્થાશ્રમ.

જીવ માયામાં જાય ભાક્ત કર કેમ શ્રી હરી. મન મારૂં મુઝાય—
ભક્તી. (ટેક)

ઉઠું પ્રાતસકાલ. સાથે રોઠા ફરે બાલ એનો મોટું જંજાલ (૧)
એને સમજાવું કેમ. જોઇએ પેરવાને હેમ. હવે કરવું તે કેમ. (૨)
ત્યાંતો દીન ચઢી જાય પાઠ પુજા ન થાય. જીવ ધંધામાં ધાય. (૩)
નારીકેહ વચન ઘરમાં થોડું છે અંન કાલ ક્યાંથી ભોજન (૪)
તમે કાંઇક લાવો શાક બેસી કેમ થયા રાંક એમાં મારો સુ વાંક ૫
એતો જુઠો જંજાલ એને જોય ચઢે કાલ થાય અગ્નિની ઝાળ. ૬
એની કરૂં ખટપટ એને છાના રાખુ ઝટ એને સમજાવું શઠ. (૭)
કહે મગન મહારાજ રાખો ભક્તોની લાજ પુરો શેવક કાજ (૮)

૭૯ ગુણસુંદરી.

જાર નર નારને ધીકાર છે હજાર વાર—ટેક.
જાણો તેવડો ગમાર, મુરખનો સરદાર;
અપરાધી એ અપાર, સમજો સજ્જન સાર—જાર.
દામને ઉડાવનાર, વખત ગુમાવનાર,
શરીરને સુકાવનાર નરકનો ધરનાર
લાજને લુટાવનાર, જગતમાં જાણો જાર—જાર
પ્યારમાં જતો હજાર, બહુ થયા ખુવાર;
નથી મળ્યો જરી સાર, વ્યભીચારમાં લાચાર;
સુધર વધેર બાર, જાણો પ્રભુને લગાર;

નથી નથી તલભાર, અંતરીક્ષ પ્રભુ માર મારશે અપાર.
ગદા મોગરીથી પ્રહાર,
પછી નરકના દ્વારમાંહી,
જમદુત હડસેલી નાંખે નીરધાર—જાર

૮૦ કામલતા.

કપટી દીલ તારૂં તપાસી જોને વાંસી રહયો કાં હાં હાં
કુંવારી બાળા ફસાવી ખોટી, લઇ ચાલી તે ભુલી ગયો કાં—કપટી
વાણી મીઠી તારી ઝેરે ભરી, મારી જીંદગીને ધુળધાણી કરી
રાખ ઇશ્વરનો બીક મનમાં જરી,
જાય છેક અભિમાનમાં વધ્યો કાં—કપટી.

૮૧ કુલીન કાંન્તા.

અરે હું મસ્તાની પ્રેમની, મને કોઇ ન છેડોરે;
લાચાર હું બીચારી છું, શીદ લ્યો છો કેડોરે,
જુવાનીયા દીવાનીથી છું મારો છોડો છેડો રે—છેલા અરે.
પ્રાણદાન છે પ્રાતમાં પુછી કરજે પ્રીત;
પ્રાણદાન તો સેહલ છે, કઠણ પ્રીતની રીત;
આધાર તું કીરતાર મારો પાર બેડો રે—અરે હું.

૮૨ નવલ કુસુમ.

છોડો સામુ અરેરે (૨) જોશે કોઇ તો કેહેસે છીનાળ,
એમાં શાની ડરે છે (૨) હજુ હું છું કુંવારી બાળ;
આળ ચડેલી બાળનો કોઇ ન ઝાલે હાથ,
તે આ બંદો પ્રેમથી પરણી થાશે નાથ;
જેવાં આ બાઇ હરખાં તેવાં આ બાઇ સરખાં,
કહે કેલી જુગતી છે જોડી, દીધી જોડાવી નહી પામી ખોડખાંપણ

૮૩

જપતી પ્રીતમની જપમાળ, જુવતી જો અલબેલી;
જોબન રસ રંગે જોની, આ બની ઘેલી,
વ્યાકુળ વૃક્ષના વિણુ વહાલી વેલી—જપતી.
તન મનમાં વ્યાપી રહયો, જોબન વસંત જોમ.
રસ ભોગી રસીયા વિના, રમશો કયાં રસ રંગ.
જાણ્યું ન જડીઓ કોઇ રસીઓ રંગીલો;
ચપ ચપ કરતી લેતી જા તું ચમેલી—જપતી.
પેઠ કુપે શીર કુટતાં, સંકટ આ ન સમાય;
બળતાને બાળી સખી, હઇડે શું હરખાય.
આહા અબળાઓ વાને છેલ ભણીલી—વ્યાકુળ.

૮૪

ધુંએકી માડી ઉગામે હાથે નચે
પૈસાકા લોભી ફિરંગી વારે ગાયુ,
જાત નહિ દેખે જમાત નહીં દેખે,
ઓઢીમે સગરો બીહાય થીએ જાય,
હીંદુ મુસલમાન ભગી અગારસે,
ટીકીટકે રૂપઇએ ભીના પીએ જાય ધુંએકી.

૮૫

ઉમાદેવડી.

જા જારે શું ગીસાય, રમીલી નજર મીલાવી (લે)
ચટપટ ચીતમાં લાગી ચતુરા ગેહરો જોવા દે;
હીરા મોતી માગ્ય મધુરી ઝાંઝર ઝુમણાં લે,
મદન અગન તનમા જાગેલી તરત બુઝાવી દે;
સમતા નથી રેહેતી રે સજણી મરગ વચન મુકી દે.
કલ્પલતામાં છબીલી તુજ લાગે પામર પંખી લે.

૮૬ વીણાવેલી.

ઉગ્યો સખી સૃષ્ટિનો શણગાર હારે,
ચાલ્ય ચાલ્ય જોવાને ગઢમાં
જાને પ્રેમ ઘેલી ભુમીના દેદાર,
જોને ડોલે સૃષ્ટિ આનંદમાં—ઓહો.
ધન્ય ધરા સુંદરી તને ચતુર ચંદ્ર તુજ કાંત;
શાંતિ પાઠ પઢાવતો, શાધીને એકાંત.
ધરણી પડી પતીને પાય, શીક્ષા શીરે ધરે રે
ગુણીયલ ગોરી પતિ ગુણ ગાય, શાંતી ચીતે સ્મરે રે.
ધરાને બ્હેન ધરતી માતાનું કર્યું કાન
પ્રીતથી કરો સંસાર સુધારસ પાન--ધરણી.
ચંદ્ર સુખે ગીરાઇને, તારાનાં મુખ સ્યામ;
સદગુણીના સુખ બાળીને, રમે દુષ્ટતા રામ;
સખી જેને પતિનું માન, તેનાં ગંધર્વ ગાએ ગાન,
પામે દેવી સમાન સનમાન, રમે રામા રસીક લપતાન,
ઘરની નાર સમ ગ્રહણીઓ, સેવે સ્વાંમી પાય;
ચતુર ચંદ્રસમ ધણી મળે, જ્યાં જ્યાં લાં ઉચ્ચાય—ધર.

૮૭ કરણઘેલા.

આંખલડી અણીયાળી રે, જેસા નયન નખરાંવાળી,

જે નખરે રે તારા વાલમજીને વશ કીધા;
અમર કમાન જરા ખેંચી ખુશીથી, ક્રોધ કટાક્ષ કર આવી રે
જરા નચાવ નખરાં વાળી.
જે નખરે રે તારા વાલમજીને વશ કીધા,
લટક મટક અને ચટકતી ચાલ આમ, ઝાંઝરથી ઝમકાળી રે,
જરા નચાવ નખરાં વાળી.
જે નખરે રે તારા વાલમજીને વશ કીધા,
લ્યો લટકો મટકો ચટકો આ, આવી સતાવો શું હાલીરે,
જુઓ ન ચે આ નખરાં વાળી,
જે નખરે રે તારા વાલમજીને વશ કીધા.

૮૮ ત્રીવિક્રમ.

પુનમ ચાંદની ખીલી પુરી અહીં રે,
શોભે રજની સુંદર શીઆજ
હેતે રમીએ સંઘાતે સહીયર આપણે રે
આંહે જડીયાં છે નીલમ મણી નંગ—હેતે.
મળી આજે આપણે, ધરી સોળ શણુગાર;
ક કંકણ ચુડી ચમક, ચંદ્ર તેજ એક તાર.
હીરા રત્ન જડીત ઉર હાર છે રે,
મોતી ગુચ્છ લટકે છે બાજુબંધ—હેતે,
અંબોડા ફુલે જડયા, સર સેંથે હીંગુલ;
કીધા કુમ કુમ ચાંદલા, મુકતામાળા હાર.
આરસ પારસમણી જડેલો ચોક છે રે,
તેમાં વસ્તા હઇયે નણદલ વીર—હેતે.
પહેર્યા ઝાંઝર પ્રીતથી, ઝણુ ઝણુ કર ઝણુકાર;
ફરીએ સહીયર ફુદડી, આ રજની મોઝાર.
સખી વેલીઓ ફુલી એ વિધ વિધ ભાતનીરે,
તે તો આપે છે શી સુંદર સુગંધ—હેતે—પુનમ.

૮૯ પવિત્ર લીલાવતી.

આઇ પટારો કેમ ઉઘાડયો જોઉ કુંચી બેસારી કેઇ;
સાહેબ બાપા બહાર ગયા છે, શું શું આમાં ઘાલ્યું લઇ
બધું ઘરેણું કયાં લઇ ચાલ્યાં, આમ કરી તસ્કરનું કામ,
પડશે માથે અરે અમારે, પાછું મુકો તમે તમામ
અણાવળા તું ચણી ગયો છે, પરની તારે શી પંચાત;
બસ બસ તારે નહી બોલવું કહેવા સાંભળ પડશે વાત.

નીચ જાત ચાકરની તારી આખર જોયા ઉચકનાર;
આવ રાંડના હવે અડાવા, બંદા તો ચાલ્યા બહાર.

૯૦ મોહનીચંદ્ર.

ધીરી ધીરી સુંદરી જરા ધીરી,
તારા વાંસે લીધી છે ફકીરી—સુદરી.
નયન મીલાવો પ્યારી હસી બોલાવો
આપીશ આખી અમીરી—ધીરી.
રૂપે રીઝાવું કહો તો સોને મઢાવું,
દુર કર તું દીલગીરી—એજી દુર—ધીરી.
ધીરા ધીના કુંવર જરા ધીરા,
સગા માડીના જાયા એ વીરા—કુવર—જરા.
જેવી પોતાની તેવી નારી પરાઇ,
પરસ્ત્રી ભરભવ પીડા,
રાવણ રોળાણો દુર્યોધન દળાણો
કઇંયા કીચકના થઇ ગયા ચુરા—ધીરા.

૯૧ વીણાવેલી.

સુંદર સામળીઆ, નામ જપીશ નીત્ય તારૂં
મનહર ના મળીઆ, કાશી કરવત ધારૂં.
શામળા શણગાર અમારા, કાળજું હર્યું કામણગારા
વીનવે કંગરી દીન દારા, દરશન દો દીલદાર તમારા;
ક્યાં હું કહું દુખ માહુ—સુદર,
આસપાન નહિ વાસ જહાણુ અવ્વર ત્રીભુવન ભાસતુ કાણું;
નીરખુ નહિ કદી મુખડું રસાળું જઇ હીમાલય ગાત્ર હું ગાળુ

૯૨ પવીત્ર લીલાવતી.

પ્રીતી પાતરની કરનાર, સરવે મુરખના સરદાર;
નીતિ નીપુણ ગણે નાદાન, પીડા પામે અપરપાર.
જેની સાથે જળ તજી બાળી, માત પીતા પરણાવે,
એને ત્યાગી નિરભાગી નર, આપણી પાસે આવે—પ્રીતિ.
પતિ સુખ પકવાન સરખું, તમે થયા નહી તેથી;
ગણીકા ગમન વમન સમ ગણવું અરે થશે શું એથી—પ્રીતિ.
શું એનાથી કારજ સરસે, એશું શારૂં કરશે,
શ્વાન સમાન સદા આથડશે, મોત વગર તે મરશે— પ્રીતિ.

૯૩ ચંદ્રહાસ.

જ્યાં જોરે ચડી તેજ પ્યારી તનના ઉર ભરી વળી આવે

છેલ છબીલા રૂડા રંગીલા રાજપુત્ર પ્રખ્યાત.
જોયા બાગે, અનુરાગે, ચીત લાગે, કેમ ત્યાગે,
પ્રભુ મેં તનમન તમને અરપ્યું થઇ રાજી—થયા.
કૃષ્ણ કૃપાએ તમોજ મળીયા દીલમાં જે ચિત ચહાય,
નોતુ નકી, નોતુ વકી, નિશ્ચે પકી, વિધિ લખી
પ્રીયા ઉત્તમ તન બની દેવ સુંદરી, પદમણી મળી આજે—થયા.
મહેલ જતાં તે દી તરછોડી હવે ન મુકુ હાથ;
ચાલો આવું, મન ભાવ્યું, કેમ નાવું પ્રિય કહાવું;
હવે હાજર છું તનમન ધન દેવા, જેમ પ્રેમ છાજે—થયા.

૯૪ ઉદયભાણ.

સાહેબા સલુણા નાની નણદલના વીરા,
લાલા લટકાળા મને (૨) આછા અછા ઘાટ ઘડાવો મારા સાહેબા
સરખી સહીયર મળી હાંસી કરે છે
લાજી મરછું બાઇ (૨) વેલા વેલા સોનીડા તેડાવો મારા સાહેબા.
નાનુ શું નાથ એક ઝુમણું ને મહી ઝીણાઝીણા હીરલા જડાવો
નવેસેરો મોતીનો હાર મારા સાહેબા ઝીણાઝીણા નીલમ મુકાવો
જોગવાઇ જાસ્તી જો હોય મારા વાલમા, કંકણને માણેક મઢાવો
ગરીબધણીને બાઇ ઝાઝુંતે શું કહીએ, બસ આટલેથી મનવાળી દઇએ
બાઇ સાળ મોટા એક પાણો માગી લઇએ—સાહેબા સલુણા.

૯૫ સોભાગ્ય સુંદરી.

પહેરી ચોળી લટકા મટકા કરતાં આવ્યાં
રંગે બોળી સાડી ઓઢી મન લોભાવ્યાં;
ઝંઝરના ઝણકારે ટર કંકણના ખખડાટે
કાજળથી નેત્ર દીપાવ્યા—પહેરી.
હવે શરમાવો હાલા, શાને દીયરજી મારા;
બોલો બોલોજી બોલો બોલો
મેં કેવા તમારાં નખરાં તો જણાવ્યાં—પહેરી.

૯૬ વીણાવેલી.

કાયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ;
તારો ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોશ્વાસ,
રાખે જેવી રીતે રામા, રંગ તેવી રીતે રહીએ—સદા.
પીપળ પાન ખરંતા, હસતી કુંપળીઆં;
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપડીઆ.
નહી જેવીને તેવી નિત, ક્યાંની નભતી જોઇએ;
[illegible] ઢંગ રૂડા રંગ, જેવી દેખી લઈએ—સદા.

કદી મહેલો માળીઆં કોમળ છપ્પર ખાટ;
કોઇદીન એવો આવશે. ભુખ્યા ન મળે ભાત—સદા.

૯૭ પવિત્ર લીલાવતી.

સખીઓ નીજ નીજ નીતિ ધરમ સદા સંભાળીએરે;
પરમ પવિત્ર પટકુળ પ્હેરી પરીધાન
સાસુ સસરા માત પિતાની સેવા સાવરો રે,
ભાવ સહિત ભક્તિથી નીત ભજીએ ભગવાન
એવા ઉત્તમ ગુણથી, ઉભય સકુળ અજવાળી એ—ટેક.
નગરે નજર ન જોઇએ, નાથ વિના નર સાથ;
પર નરને નવ આપીએ, તાળી હાથો હાથ.
હસવું રમવું જમવું, એકાંત નવ બેસવું રે;
પતિ વિણુ પતિના, પણુ સહ મિત્રાની સંગાથ---એવા.
નાથ વિના કરવી નહિ, વિનોદ કીડા વાત;
વિશ્વ વિરૂપ ન વરતવું, ભલે તાતકે ભ્રાત.
સજની ભ્રષ્ટ થવું નહિ, સુંદરી સદ્ આચારથી રે
નિરલજ્જ નટ ખટની સોગત તજવી સુજ્ઞ—એવા.
કુબ્ટો કદરૂપ કુબડો, નિરધન નિરબળ કાય;
મતિ હિણુ પતિત પતિ ગણો, ગો પતિને સુર રાય.
જોડી પગ અંગુઠે દ્રષ્ટિ ચાલુ ઓઢીએ રે,
સુખકર સાચીએ સતિ સાથે સંપ સદાય—એવા.
ઉંચે સ્વરે ન ઉચરવું, મુકીને ગરગ્નદ;
લલિત ભેન કરવો નહિ વડિલથી વિવાદ.
ચંચળ ચાલે ચટક મટક ચતુરા ચાલ ચાલીએરે;
શિવસુત કેશવની શીખામણ અંતર ગાઢ—એવા.

૯૮ ઉમાદેવડી.

નથી જગતમાં સાથ સબંધી વિના ત્રિભુવન નાથ
શું ફોગટ ફાંફાં મારે મુરખડા ભરે આભથી બાથ.
કમળપત્રપર જળબિંદુને સુકાતાં શી વાર;
શ્રાવણની જળ ભરી વાદળીઓ, વિખરાતા, શી વાર;
જીવતર સમજવું તેવું આંખર ન લેવું દેવું
જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપ પુણ્ય સંગાથ.
પંથી જીવ પામી ગયો, નરભવ નગર બજાર.
સોદાગર સમજી જઇ, કરો પુણ્ય વેપાર.
જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપ પુન્ય સંગાથ.

૯૯ વિજયા વિજય.

ધન ભાગ્ય પધાર્યા ભમરા, છો દિલહર ડાહ્યા ડમરા;
મધાપતિ આપ હું કમલા, રસિયા રાસક શણગાર.
શું પ્રેમ બતાવે ખોટો, પાતર ઘર પ્રિતિ તોટો;
નહિ ગુલાબ હજારી ગોટો રે તું છટકેલ છકેલી નાર,
શણગાર મઝા નહિ માની ફોગટ સમજે જીંદગાની
છે ધરમ કરમ ધુળ ધાણીરે—શણગાર—રસીઆ
છે વિષય વિષનો પ્યાલો જમપુર નક્કી જ્યાં ઝાલો;
અબ એળે મદનથી મહાલ્યોરે છટકેલ છકેલી નાર.
હજુ કુંવર તમે છો કાચા નથી શીખ્યા મદની વાચા
નથી નયન મુરલીએ નાચ્યારે—હજુ—રસિયા

૧૦૦ કામલતા.

મેં દુનીયાં સઘળી જોઇ, કોઇનું ન દીઠું કોઇ,
સ્વારથની જાળ પરોઇ સગપણ સૌ નાંખે ધોઇ;
આજ હોય વ્હાલાં, કાલ તેજ થાય વેરી,
અજબ સરખી એતો રીત પ્રીત કેરી,
પોતાના સ્વારથ માટે અવરને નાંખે નીચોઇ,

૧૦૧ વીણાવેલી.

કાંઇ નથી સુખસાધન ધનમાં સાપ બહુ વસતા ચન્દનમાં
સ્વામીજી સુખી વસે વનમાં—કાંઇ૦
સાચી શી શંકરને પાર્વતી કંઇ સુખીયા કમ છે
લોક તો મુરખ એકદમ છે—ગોળ ખોળની નહિ કંઇ [illegible] છે
વૈભવ ઝાંઝવાનાં જળ છે સ્વામી ભવનમાં—કાંઇ૦

૧૦૨ તાગસુંદરી.

સંસાર સમજીએ શાણા મુસાફર ખાનું
કોઇ નથી ટક્યું કોઇ નથી ટકવાનું શાણા—
દુરદેશ તારો પ્યારા, અરે પરદેશી શાણા
કાલે વવારે ઉઠી તારે તો જવાનું શાણા—સંસાર૦
સગાને સબંધી તારાં પંખાનો મેળો શાણા
તારૂં જે માન્યું તેનો ન્યારૂં છે થવાનું શાણાં—
સંસારના આ ધામમાં વિશ્રામ છે ઘડી ચારનો
ઉચો ન આવે કામથી આરામના પગથારનો,
[illegible] તજીને તું સજી સાજ તજ આ સંસારનો,
[illegible] અંતર [illegible] [illegible], [illegible] [illegible] [illegible]:

સસની શિરોધ નીતિ જાળે ભરી રાખ શાણા.
ભગવત ભજન ભાતુ ભીડ ભાગવાનું શાણા. મુસાફર.

૧૦૩ રામ રતન.

રૂપ રૂપ શું કરો મુરખ જન રૂપ ઉપરે મરે
ભાગ્ય જોગે કાંઇ રોગ થાય તો રંગ રૂપ કયાં ઠરે
નથી હું રૂપતણી પ્યારી, માત્ર છું ગુણની અભિલાષી.
કસ્તુરી છે કાળી તોપણ વખતે જીવન દેછે
સફેદ સોમલ સરૂપવાન તે તુરત પ્રાણ હરી લે છે—નથી હું
સુજાણ બાળા લક્ષ્મી વિણુ છે, રૂપ ગુણ સર્વ નકામું
સત્ય કહું તો લક્ષ્મી વિણુ છે જીવતર સર્વ નકામું
નથી લક્ષ્મી એની પાસે કરો હઠ શા સુખની આશે.
ગુણની લક્ષ્મી ગુલામ થઇને સદા પાય સેવે છે
ગુણવિણુ લક્ષ્મી કોઇની રહીના કોઇ પાસે નવ રહે છે.
લક્ષ્મી ઘર ઘર ફરનારી જેમ રખડે લંપટ નારી
કોઇ સબળ શત્રુ જાગે તો લક્ષ્મી લુંટી લેઠે
ગુણ લુંટયા ના લુટાશે એ મરતાં સાથ મરે છે—લક્ષ્મી
તો પણ માણી સુંજાણ બાળા, હુ નથી યોગ્ય થનારો.
રત્ન તેમ છો રાજ કુળનું, હુ મું દાસ બીચારો
ઊંચને ઊંચા કુળમાં ભળે, નીચને જત નીચમાં મળે;
પરવત શિખરે પથ્થર પાકે મણિ ખાંણમાં માગે;
નીચી ખાંણના મણીના કરતાં પથ્થર સૌ ચઢી જાશે.
કહોને કુળને કરવું શું, ધરી શીર પથ્થર મરવું સું.

૧૦૪ પવિત્ર લક્ષ્મી.

નયન મિલાવી લે ઓ છબીલી, નયન મીલાવી લે;
ચટપટી ચિતમા લાગી ચતુરા, ચુંબન કરવા દે,
મોતનમાળા જડીયન સાડી, જે જોઇએ તે લે—રસીલી
લગની લલના લાગી રહી, તુંજ ચ્હેરો જોવા દે;
નાજુક વેલી કોમળ ખીલેલી, કળી ચુટવા દે—છબીલી.
મદન અગન તનમાં લાગી, જલદી બુઝાવી દે—છબીલી.
આલીંગન આવી અલબેલી, ભેટે પ્રેમની લે—છબીલી.
અધરામૃત રસપાન કરાવી, મધુર વચનરસ મુખ કહે—રસીલી

૧૦૫ દ્રોપદી.

સખી સ્વપ્ન મહીં મનમોહન મેં નીરખ્યા એકાન્ત નિશે શયને,
[illegible] રહી રહી નાથ મહે મુખથી નહીં કાંઇ બોલાય અરે;
[illegible]

નિચુ જોઇ રહી દ્રગ પ્રેમ ભરી ખગુની પ્રભુની નીજ પાય અરે
કર સાહી રસીક રૂદે વળગ્યા કરતાં બળશેન થયા અળગા;
તુટી હાર ગયો એ રકા ઝકમાં કસી કચુકીની છુટી જાય અરે,
છુટી કેશ ગયા વિખરાઇ અને ગઇ દેહ કળી કરમાઇ અરે
ગયાં સ્વેદથી વસ્ત્ર ભીંજાઇ અરે પણુ નાંય થયા નગભુજ અરે,
મનથી મન સેજ ગયું પીગળી જેમ સાકર દુધની સંગ ભળી;
કાધ ભોજન નાથની સાથ મળી મુખવાસ સુવાસ અપાય અરે.
મુખ તાંબુલની પીચકારી ઉડી રે અચાનક નાથને અંગ પડી.
સખી તે રજની અને તેજ ઘડી રસિયો રીસ લાવી રીસાય અરે,
સજી શસ્ત્ર શરીર શું અશ્વ ચડી રણુ જાય પ્રિયુ અરે હુંથી લડી;
સખીઓ વિનવું તમ પાય પડી કરો જે રીત નાથ મનાય અરે.

૧૦૬ પ્રતાપીચંદ

રાગ સારંગ.

નવલ યોવના ફુલે, ભુલ ગુલે ગુલજાર ડાલીએ ચઢી ઝલે
નવન સુખે મલક મુખે, રસીક સંગ રસાળ.
મદ ભરી રસ રંગ ભરી ચાલે ગજ ગામિની ચાલ (ન)
રશીલા રંગીલા છબીલા બાગન ભ્રમર કર્યા છેલ
છકભરી બકવાદ કરે શું જાણે હગ ડામેલ (ન)
ઘેલી છકેલી નવેલી સાહેલી શુ સાસરે સાકર શેલ,
લુચ્ચી ચતુરી હારી હું તુંથી મારો કેટો ગેલ. (ન)

૧૦૭

રાગ૦ સુ નગર વસંત થઇ નાચી રહ્યો.
સ૦ સત સંગો આનંદ અંગ વ્યાપી રહ્યો
વ્યાપી રહ્યો નહી જાયે કહ્યો—શું૦
(શાખી)
વેદ વચનથી સીદ્ધ છે મત ન કરો આવાર.
સત સંગ સર્વનું મૂળ છે સતસંગથી નીરધાર
મુક્તિ મેળવવાનું સાધન સત સંગ છે. (૨)
સાણી સમય નહી આવે ગયો શું,
શાખી
સત સંગી સતીઓ થઇ, યુગ યુગ મહી અપાર
અમર નામ કરી અજાય થઇ, સફલ કર્યો અવતાર
અનસુયા અનીરૂધતી બે, તારા રાણીરે
સતી સુલોચના ને સોન થઇ વળી શાણીરે

શાખી.

સર્મા સુભદ્રા સતી ગુણુ ગંધારી નાર
કૌશલ્ય સદગુણુનો ભંડાર કુન્તા થયા.
એને સત સંગ કરો સીતા સતી—
જાણો જરૂર મન મોક્ષ

૧૦૮

ત્યાગી બન્યા પણુ ત્યાગ ન કીધો, વાસના રહી વળગી,
ભગવાં પ્હેરી વશ બદલ્યો પણુ, તૃષ્ણા ન થઇ અળગી.
જુઓ ભગવાના ભવાંડા, શુષ્ક વેદાંતીના ધુંવાડા,
સોહં સોહં જાપ જપે નિત્ય. વાચક જ્ઞાનની વાત;
આપ બુડયા એ અન્યનું તારે, પ્રબળ વિચારો ગાથ.
પડે ધરમપર ધડાકા ભાર નાને કુહાડા. ત્યાગી૦

૧૦૯ કુંડલા.

આવી ઉભા, મતના માન્યા કયાંથી આવ્યા,
જોઉ ન કયાંઈ, દપણુમાં તો દીસો ડાહ્યા;
ઝાંઝવાના પાણી આવો, તૃષા ન ટાળે શિદ
દેખાતો, રાક્ષસી માયા કરી મલકાતો,
ઉચું ન દેખી જોઇ રળીયાતો; આવી.

૧૧૦

આવી બેસો, ઉછરંગે અલબેલી,
તું તો મારે પ્યારી પ્હેલી, આંતા કરીએ કાન્તા કેવી;
ચુમ્બન દેશો આલિંગન દે હેલી,
તારા મનનો મેલજ મેલી, જોજે થતી હવે નહીં ઘેલી;
આઘા જાઓ નહીં મલચાવો, ભામિનિ ભોળવવી શુ ધારી;
આજ સુધી નવ જોયું સામું, સાચું વદનારા કેમ માનું;
મુખના મિઠા, આજ દીઠા, દુર જગરે થપ શોકો મારી. આવી૦
વાલી મારી, બોલી તારી, ટાળી શકું નહી હું ન્યારી;
શોકો તારી કોણુ વિચારી, બોલ વીચારી, ઘુંઘટ ટાળી;
મદાલસા કુન્ડલાથી હારી, કરવા આવ્યા મને નારી;
જોઇ લેશો. મુખડાનો આ મટકો,
માયલને લાળે આ લટકો જો જો જોઇને નવ છટકો

૧૧૧

અનસુયા—મ્હેમાન થયાં તમે મ્હારાં,
[illegible]—સ્વીકારશો [illegible] મ્હેમાની.

અનસૂયા—મ્હેમાન કરે મ્હેમાની–દુનિયા કહે દીવાની. (૨)
લક્ષ્મી—ધરી વસ્ત્રાભૂષણ અંગે. (૨)
કરો રમત ગમત અમ સંગે. (૨)
રતિ—ઝુઝીએ મદનના જંગે,
અપ્સરાઓ—સ્વીકારશો મ્હેમાની.
અનસૂયા—જેવી નીર વિનાની સરિતા. (૨)
તેવી વ્હાલા વિણુ વનિતા. (૨)
બીજી વ્યર્થ બધી મસ્તાની
દુનીયા કહે દીવાની. (૨)
લક્ષ્મી—કંઠે ધરો કુસુમની માળા, (૨)
પ્હેરો નીલમ હાર રૂપાળા. (૨)
શિર ઉપર મુગટ છોગાળા. (૨)
અપ્સરાઓ—સ્વીકારશો મ્હેમાની.
અનસૂયા—જેના પતી વસે પરદેશે,
તેને રહેવું શા વેશેરે. (૨)
બીજી વ્યર્થ બધી મસ્તાની
દુનીયા કહે દીવાની. (૨)

૧૧૨

નર્મદા—મનસુબા માળી તન બાગે બીજ વાવો જે દીલ ચ્હાય,
સુંદર ફળ ભારી ઈંદ્ર વરણનાં ખાવા મન લલચાય,
કોઇ વાવે કેતકી કે કેવડો ચંપેલી સારી,
કોઈ વાવે મોગરો ગુલાબ ગુલહજારી.
કોઇને જુઇ લાગે પ્યારી,
જાસુંદી કામણગારી,
વડલાને ડાળે નહીં ફળશે શ્રીફળ પણ ટેટા થાય થાય—મન
હિંગ હજાર છુપાવનાં, વાસ છુપાશે કેમ,
છાનાં પાપ અમાપની, છાપ પ્રગટશે એમ—મનસુબા.

૧૧૩

નરવીણ જગમાં નારતણી કીમત કોડી કહાવે,
હલકું લોહી ગણી અબળાનું જુદાં આળ ચડાવે.—નાર.
વ્હાલાં પણ વેરી થઇ જેને જેમ ફાવે તેમ બોલે,
કંથ વિનાની કામિનીનું જીવતર તરણા તોલે.—નાર.
[illegible] ભાતની ભરી [illegible] વાત [illegible] વલખાવે.
[illegible] રણમાં ભરથાર વીના [illegible] ભુલાવે—નાર.

નારદ— ૧૧૪

નહીં ચીજ કોઈ ગણી, ગરજ સમ નહીં ચીજ કોઇ ગણી
માનવંતનિજ માન મૂકી, દુશ્મનને પડતાં ઢળી-ગરજ
પાર્વતી-બળીયા પણ નિર્બળને નમના, રાય રંક ઘર જાય,
સાવિત્રી-સોંઘું પણ મોંઘું થઇ બેસે. કજા શકાય ન કળી-ગરજ.
લક્ષ્મી-સમયાધિન થઇ ઝેર હળાહળ, પીવું અમરત ગણી
નારદ-જઇ મદાસતીને શીષ નમાવો-જાય આપદા ટળી-ગરજ.

૧૧૫

કુન્દન—ઉપકાર અનુપમ થયો સુંદરી, દે બદલો કિરતાર !
આણેક—સત્કાર વિસરીયે કેમ અતીતીનો જે છે અધિકાર.
કુન્દન—વસ્તુકરતાં વહાલ કિમતી છે ?
આણેક—કાંડી તે કિમતી શું રતી છે !
કુન્દન—કાંડીના બળપર સૃષ્ટિનો છે સઘળો આધાર.
આણેક—કાંડી શું દીવા દાંડી છે !
કુન્દન—ગૃહ-જીવનની સુખ-હાંડી છે:
આણેક—"થેંકયુ-વેરીમચ"
કુન્દન—"ગુડગાય ,—ઉપકાર.

૧૧૬

(ઉરતાદી.)

ઓહું કયાં મેરે પ્યારેકી બતીયાં (૨)
ખોહું કશાં મેરી છોટીસી છતીયા
નથરીચેન, સધરીરેન ચુમી ચુમી
બદન સયનમેં દુઃખ કરી ડારી
પકરી ગુગલ કરી સયન બસન્દ કરી
મરોરડારે ભસકો મેરેકા મેલ અંગ. ઓક
એસે નીરદય નાથકો સ્વપ્ને કરના સંગ
ત્રેસ બદયોત નમે અતિ, રદયકો ભયો હુલાસ
તેમેં એસો જાનતી, તો ના જાતી પીયુકે પાસ

૧૧૭

(કૃષ્ન—રાધા રાસ)

કહ્યું ના માને જસોદાજી રોકાન. (૨)
એ કોરે ગંગાવાહા, ઓલી કોરે જમના
બીચ ગોકુલીયું રૂડું ગામ—
વૃંદા વનમાં વાલે રાસ રચ્યો છે
ચોસઠ ગોપીમાં બેઠો કાન

રૂડા રાધાના મંદીરીયા તજીને
નીચના લીધા છે તમે ધાન—કહ્યું
બાઇ મીરાં કહે છે પ્રભુ ગીરધર નાગરએ
હરી ભજવામાં મારૂ ધ્યાન.

૧૧૮ ઉદયભાણ.

બાળા ભોળા રે કુમારકા પરણીને પસ્તાયા રે
પહેલાં ફુલી થયાં ફાળકા, હઇડામાં હરખાયા રે
ચાર દીન વહુ લાડકા, મનડામાં મલકાયા રે
મેંતો જાણ્યું કે બાઇ ફુલડે પુજાશું;
ખાજાં જલેબી નીત નીત ખાઇશું.
મેં આગથી મનમાં ધાર્યું માનમહી મરડાઇશું;
નણદીના વીરાને ઘડી ટીંગળાવી બાગોળે ભુ પાઇશું રે
ઓહ ! મળીયા, વાતમાં વઢીયા—
નળીયા ખખડીયાં, વાણી કચદીયાં (લે રાંડ દીવો)
મેં કહયું ઉહુ (૨) ચડસમાં ચડીઆ, ખુબ કકળીઆ,
ઉહુંનું ઓસડ ધોકા પડીયા—પરણી
પરણ્યો પીટયો પરઘેર ભટકે ઘરમાં ન ખાતા પીતા રે
વરણાગીમાં વાંકો હીંડે, પતિ કુળ એવા દીઠા રે

૧૧૯ વિષ્ણુવ વિજય.

પ્રેમનો કોલ દીયો રાજકુમાર મારા થઇ ચુકયા પ્રાણ આધાર
મારા રસીયા રાજકુમાર—પ્રેમનો.
લીઓ કોલ આ પ્રીતથી, ગણો સદાનો દાસ;
રસીયા રસ બસ કરી બાંધી પ્રેમનો પાસ—પ્રેમનો
મધુર મુખ જોયા વીના, ક્ષણ હવે રહયું નવ જાય;
ધર્મ વિધિથી હસ્ત મેળવ્યા, વિના ચુંબન નવ થાય.
પ્રેમનો કોલ દીયો રાજકુમાર.

૧૨૦ ઉમાદેવડી.

હરમાન ઘરમાંહી હડીઓ કરે ત્યાંતો કેવી રીતે બેટા બાઉ બને
ઘંટીના ગાળાને બંટીના ફાકા ત્યાં ખીરને ખાંડનું કેહેતું મવે
મારે તો માડી નહીં બસ બાઉ, ખાઉ તો બાઉજબાઉજખાઉં
જા જા પીટયા હું તો ક્યાં લેવા જઉ—હરમાન.
માડી મને બાઉ, ઉહુ મન બાઉ,
[illegible]—હરમાન
માડી મને બાઉ, [illegible] (૨)

۱

મળતાં પુસ્તકોનું સુચીપત્ર.

વારતાનાં પુસ્તકો.

મોહનભટની મોહની	૦—૮—૦
રમણતારા	૦—૮—૦
અંધ સારંગીવાળો.	૦—૬—૦
દેવીપુત્ર બાળંભજી પરમાર	
ભાગ ૧ લો.	૦—૧૨—૦
" ભાગ. ૨ જો	૦—૧૨—૦
પૃથુસિંહ પરમાર ભા. ૧લો.	૦—૧૨—૦
" ભાગ. ૨ જો.	૦—૧૨—૦
ફકીરના તમાસા	૦—૪—૦
સુગુણ સવીતા	૦—૬—૦
લાલા વાઘેલી	૦—૪—૦
જોગીઓનાં ચરીત્રો	૦—૬—૦
હરીબલ મચ્છી	૦—૮—૦
ખંભાતનો ખુની	૦—૮—૦
બાદશાહ અને બીરબલ	
બાર ભાગ.	૦—૮—૦
મીઠી મધુરી વાતો	૦—૮—૦
સ્વર્ગની સુંદરી	૦—૮—૦
ચતુરસીંહ હમારો ભા ૧ લો	૦—૪—૦
" ભાગ ૨ જો	૦—૪—૦
" ભાગ ૩ જો	૦—૪—૦
" ભાગ ૪ થો	૦—૪—૦
ગમ્મત ઘંટ પેટ દબાવી હસવાનું	
પુસ્તક	૦—૪—૦

વારતાનાં પુસ્તકો.

ચંદરાજ પ્રભાવતી	૦—૪
રાજ કઠીઆરાની વારતા.	૦—૧૨
વીણાવેલી	૦—૮
વીર કુમાર	૦—૪
મોહનીચંદ	૦—૮
અજબ મોહની	૦—૪—૦
ભોજ અને કાળીદાસ	૦—૬—૦

ભાષણ સાથે જોવાં નાટકો.

ભરથરી ચીત્રો સાથે	૦—૬—૦
બીલ્વમંગળ ઉર્ફે સુરદાસ	૦—૬—૦
જગદેવ પરમાર	૦—૮—૦
ચાંપરાજ હાડો	૦—૮—૦
હરીશ્ચંદ્ર તારામતી	૦—૮—૦
ગોપીચંદ	૦—૬—૦
રાણકદેવી	૦—૬—૦
સુદામાજી	૦—૨—૦
વનરાજ ચાવડો	૦—૬—૦
લીલાવતી નાટક	૦—૮—૦
અભેમન્યુ	૦—૮—૦
સુરેખા હરણ	૦—૬—૦

જાદુનાં પુસ્તકો.

દેવતાઈ જાદુગર ચીત્રો સાથે	૦—૮—૦
જંગી જાદુગર	૦—૪—૦
જાદુકળા પ્રકાશ	૦—૧૨—૦

જેશીંગભાઈ મોતીલાલ શાહની કંપની.

ઠે. રીચીરોડ—અમદાવાદ.